# બી.જે.મેડીકલ કોલેજ,
# સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬

**જાહેરાત**

બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૪–૨૫માં શરૂ થનાર ૩૭મા મેડીકલ લેબોરેટરી/એક્સ–રે ટેકનીશીયન ટ્રેનીંગ કોર્ષના એક વર્ષના તાલીમ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે નીચે દર્શાવ્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાત તથા યોગ્યતા ધરાવતા ઉમેદવારો પાસેથી તા.૧૩/૦૬/૨૦૨૪ થી તા.૨૭/૦૬/૨૦૨૪ સરકારી કામકાજના દિવસોમાં સવારે ૧૧:૦૦ થી ૦૫:૦૦ દરમ્યાન રૂબરૂ સ્વીકારવામાં આવશે. <u>પોસ્ટ/કુરીયર તથા અન્ય માધ્યમથી અરજી સ્વીકારવામાં આવશે નહી તેમજ પોસ્ટ/કુરીયર તથા અન્ય માધ્યમથી આવેલ અરજીઓ રદબાતલ ગણાશે</u>.. ઉમેદવારોએ મુલાકાત માટે પસંદગી સમિતિ સમક્ષ સ્વખર્ચે આવવાનું રહેશે. વ્યક્તિગત કોલ લેટર પાઠવવામાં આવશે નહી.

પ્રવેશ માટેના અસલ પ્રમાણપત્રોની ચકાસણી તેમજ કાઉન્સેલીંગ મેડીકલ લેબોરેટરી ટેકનીશીયન માટે તા.૨૫/૦૭/૨૦૨૪ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે તથા એક્સ–રે ટેકનીશીયન માટે તા.૨૬/૦૭/૨૦૨૪ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે બી.જે.મેડીકલ કોલેજના કસોટી ભવન ખાતે રાખવામાં આવેલ છે.

| કોર્ષનું નામ | શૈક્ષણિક લાયકાત | તાલીમાર્થીઓ ની સંખ્યા |
|---|---|---|
| (અ) મેડીકલ લેબોરેટરી ટેકનીશીયન | બી.એસ.સી.(માઇક્રોબાયોલોજી/બાયો કેમેસ્ટ્રી/કેમેસ્ટ્રી/બાયોટેકનોલોજી વિષયને પ્રથમ પસંદગી) | ૬૨ |
| (બ)એક્સ–રે ટેકનીશીયન | બી.એસ.સી. (ફીઝીક્સ વિષયને પ્રથમ પસંદગી) | ૩૧ |

આ અંગેની તમામ વિગતો તથા અરજીનો નમુનો www.bjmcabd.edu.in વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

ડીન
બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ

# ૩૭મો લેબોરેટરી તથા એક્સ-રે ટેક્નીશીયનના તાલીમ અંગેની સુચનાઓ

અરજદારની ઉંમર, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૭/૦૬/૨૦૨૪ રોજ ઉંમર ૧૮ થી ૨૫ વર્ષની અંદર હોવી જોઇએ. અનામત વર્ગના ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બેઠકો અનામત રાખવામાં આવશે તથા વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

આ તાલીમ કોર્ષ માટેની અરજી વેબ સાઇટ પર મુકવામાં આવેલ નિયત નમુના પ્રમાણે અરજી કરવાની રહેશે. તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીની જમણી બાજુએ ચોંટાડવાનો રહેશે. અધૂરી વિગતો તેમજ સમયમર્યાદા બહાર આવેલ અરજીઓનો અસ્વીકાર કરવામાં આવશે.

અરજી પત્રક સાથે એચ.એસ.સી, બી.એસ.સી.ના તમામ વર્ષની તથા તમામ સેમેસ્ટર/વર્ષના માર્કશીટની નકલો, ટ્રાયલ સર્ટિફીકેટ તથા એચ.એસ.સી. અને બી.એસ.સી.ના પાસીંગ પ્રમાણપત્ર, જન્મના પુરાવા માટે સ્કુલ લીવીંગ સર્ટિફીકેટની સ્વપ્રમાણિત નકલો બીડવાની રહેશે. અરજીમાં પોતાનું ઇ-મેલ આઇ.ડી. અને ફોન નંબર દર્શાવવા જરૂરી છે. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સરકારશ્રીએ માન્ય કરેલ સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ તથા સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેના પ્રમાણપત્રની નકલ તેમજ EWS નો લાભ લેવા ઈચ્છુક ઉમેદવારોએ આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર તેમજ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ચાલુ વર્ષના આવકના પ્રમાણપત્રની નકલ અવશ્ય રજુ કરવાની રહેશે. અધુરી આવેલ અરજી રદબાતલ ગણાશે અને તેમની પાછળથી આવેલ કોઇ પણ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

ઉક્ત તાલીમમાં પ્રવેશ મેળવવા માટે રસ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ આ કચેરીમાં સરકારી કામકાજના દિવસો દરમ્યાન તા.૧૩/૦૬/૨૦૨૪ થી તા.૨૭/૦૬/૨૦૨૪ સુધી સવારે ૧૧:૦૦ થી ૦૫:૦૦ દરમ્યાન રૂબરૂ સ્વીકારવામાં આવશે. **પોસ્ટ/કુરીયર તથા અન્ય માધ્યમથી અરજી સ્વીકારવામાં આવશે નહી તેમજ પોસ્ટ/કુરીયર તથા અન્ય માધ્યમથી આવેલ અરજીઓ રદબાતલ ગણાશે.**લેબોરેટરી ટેક્નીશીયન તથા એક્સ-રે ટેક્નીશીયન કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે રસ ધરાવતા હોય તો તેઓએ અલગ અલગ અરજી કરવાની રહેશે. સરકારશ્રીના વખતો વખતના ઠરાવમાં થયેલ સુધારાવધારા દરેક ઉમેદવારોને બંધનકર્તા રહેશે. **મેડીકલ લેબોરેટરી ટેક્નીશીયન કોર્ષના પ્રવેશ માટેના અસલ પ્રમાણપત્રોની ચકાસણી તેમજ કાઉન્સેલીંગ તા.૨૫/૦૭/૨૦૨૪ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે તથા એક્સ-રે ટેક્નીશીયન કોર્ષના પ્રવેશ માટે તા.૨૬/૦૭/૨૦૨૪ના રોજ ૯.૦૦ કલાકે બી.જે.મેડીકલ કોલેજના કસોટી ભવન ખાતે રાખેલ છે. કાઉન્સેલીંગ માટે ઉમેદાવારોએ તમામ અસલ પ્રમાણપત્રો સાથે સ્વ ખર્ચે હાજર થવાનું રહેશે.**

કાઉન્સેલીંગના દિવસે બધા જ અસલ પ્રમાણપત્રો લઇને આવવાનું રહેશે તેમજ અસલ પ્રમાણપત્ર નહી લાવનારની ઉમેદવારી આપો આપ રદ ગણાશે.

પસંદગી પામેલ ઉમેદવારે તા.૦૧/૦૮/૨૦૨૪ના રોજ કોર્ષમાં જોડાવાનું રહેશે. સમયમર્યાદા પછી આ જગ્યા પર તેઓનો કોઇપણ હક્ક દાવો રહેશે નહી. જો ઉમેદવાર નિયત સમયમાં નહી જોડાય તો તેઓની જગ્યા તેમના પછી મેરીટમાં આવતા લાયક ઉમેદવારોને ફાળવવામાં આવશે.

ખાતાકીય ઉમેદવારો માટે ૫૦(એમ.એલ.ટી), ૨૫(એક્સ-રે) બેઠકો હોય આ બેઠકો પર ખાતાકીય ઉમેદવારો નહી મળે તો આ જગ્યાઓ ભરવાની સરકારશ્રી દ્વારા મંજુરી મળ્યેથી આ બેઠકો સીધી ભરતીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

**પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને અત્રેથી હોસ્ટેલની સુવીધા પુરી પાડવામાં આવતી નથી જે અંગેની નોંધ લેવી**

વધુમાં સરકારશ્રી દ્વારા બેઠકોમાં વધારો/ઘટાડો થશે તે મુજબ જગ્યાઓ ભરવામાં આવશે, તે દરેક ઉમેદવારોને માન્ય તેમજ બંધનકર્તા રહેશે.

ડીન

બી.જે.મેડીકલ કોલેજ

અમદાવાદ